# મિલેનિયમ માર્કેટમાં ભીષણ આગ, 3600 દુકાન સીલ

**રિંગ રોડ** ટેક્સટાઈલ ઉદ્યોગમાં ફરી ઉચાટ, આગમાં લગ્નસરા સહિતનું કરોડોનું કાપડ-કપડાં સ્વાહા થઈ ગયાં



સુરતઃ સુરતના રિંગ રોડ પર કમેલા દરવાજા પાસેની શહેરની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ-1માં શનિવારે સવારે આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સવારે આશરે 10:30 વાગ્યે જ્યારે વેપારીઓ અને કારીગરો દુકાનો ખોલી રહ્યા હતા, ત્યારે બીજા માળે જોરદાર ધડાકો સંભળાયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ધડાકો એટલો પ્રચંડ હતો કે જાણે એસીનું કોમ્પ્રેસર ફાટ્યું હોય તેવું લાગ્યું હતું અને જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા આખી માર્કેટમાં પ્રસરી ગયા હતા. સાવચેતીના ભાગરૂપે લોકો જીવ બચાવવા માર્કેટની બહાર દોડી આવ્યા હતા, જેને કારણે કમેલા દરવાજા વિસ્તારમાં ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. આ દુકાનોમાં રહેલો કિંમતી કાપડનો જથ્થો, ખાસ કરીને લગ્નસરાની સીઝન માટે તૈયાર કરવામાં આવેલી સાડીઓ અને ચણીયા ચોળી, આગની જ્વાળાઓમાં બળીને ખાખ થઈ ગયા હતા.

ફાયર વિભાગે ઘટનાની ગંભીરતા જાણી બ્રિગેડ કોલ જાહેર કર્યો હતો અને માનદરવાજા, નવસારી બજાર, ડુંભાલ તેમજ અડાજણ સહિત કુલ 10 ફાયર સ્ટેશનોથી 20થી વધુ ગાડીઓ સાથે ફાયર ફાઈટરોનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. માર્કેટમાં અતિશય ધુમાડો હોવાને કારણે આગ ઓલવવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી, જેથી ફાયરના જવાનોએ બીએસેટ માસ્ક અને આધુનિક સાધનોની મદદથી અંદર પ્રવેશ કરીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટસર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટનાને પગલે ફાયર વિભાગે કડક વલણ અપનાવ્યું છે. તકેદારીના ભાગરૂપે માર્કેટનો વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો છે અને જ્યાં સુધી ઈલેક્ટ્રિકલ વિભાગનો ઓડિટ રિપોર્ટ રજૂ ન કરવામાં આવે ત્યાં સુધી માર્કેટની તમામ 3600 દુકાન બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### સિન્થેટિક અને રેશમી કાપડનો જથ્થો સળગી ગયો

આગના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા હતા, જેનું મુખ્ય કારણ દુકાનોમાં ભરેલો સિન્થેટિક અને રેશમી કાપડનો જથ્થો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, સીઝનને ધ્યાનમાં રાખીને દુકાનોમાં કરોડો રૂપિયાની ફેન્સી સાડીઓ અને વર્કવાળા ચણીયા ચોળીનો સ્ટોક ઉતારવામાં આવ્યો હતો. આગ લાગતાની સાથે જ આ તમામ માલ મીનિટોમાં રાખ થઈ ગયો હતો.

# ઉત્તર ઇરાનમાં પણ સુરત નામનું ગામ આવેલું છે

**મઝંદરન** પ્રાંતમાં આવેલા ગામમાં ૩૫૦ ઘરોમાં ૧,૦૩૪ લોકો રહે છે




સુરત : આજે શનિવારે ઇઝરાયેલ અને અમેરિકાએ ઇરાન પર હુમલો કર્યો હતો. તેના વળતા જવાબમાં ઇરાને પણ એક સાથે સાત જેટલા દેશો પર વળતો હુમલો કર્યો હતો. આ દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઇ ગયું છે. ત્યારે એક રસપ્રદ બાબત એ બહાર આવી છે કે ઇરાનમાં પણ સુરત નામનું એક નાનકડું ગામ છે.

ઈરાનના મઝંદરન પ્રાંતના બાબોલ કાઉન્ટીમાં આવેલા બંદપે - એ શારકી જિલ્લાના સજ્જાદરુદ ગ્રામીણ જિલ્લામાં સુરત નામનું નાનકડું ગામ છે. ૨૦૦૬ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી સમયે, ગામની વસ્તી ૨૭૬ ઘરોમાં ૧,૦૧૩ હતી. ૨૦૧૧માં આગામી વસ્તી ગણતરીમાં અહીંના ૩૧૫ ઘરોમાં ૧,૦૭૯ લોકોની ગણતરી કરવામાં આવી હતી. જ્યારે ૨૦૧૬ની વસ્તી ગણતરીમાં ગામની વસ્તી ૩૫૦ ઘરોમાં ૧,૦૩૪ લોકો રહેતા હતાં. આ ગામ જે મઝંદરન પ્રાંતમાં આવેલુ છે તે ઉત્તર ઈરાનમાં કેસ્પિયન સમુદ્રની દક્ષિણે અને અલ્બોર્ઝ પર્વતોની ઉત્તરે આવેલો છે. અન્ય મહત્વના શહેરોમાં બાબોલનૌશહરતોનેકાબોન અને અમોલનો સમાવેશ થાય છે. ઈ.સ. પૂર્વે પ્રથમ સહસ્ત્રાબ્દીની શરૂઆતમાં તબરેસ્તાન (મઝનદારાન) માં પ્રારંભિક ઈરાની સંસ્કૃતિનો વિકાસ થયો હતો . લગભગ ઈ.સ. 720 માં આરબ સેનાપતિ યેઝીદ ઇબ્ન મોહલ્લાબ દ્વારા તેને કબજે કરવામાં આવ્યું હતું અને તે ઈરાનનો છેલ્લો ભાગ હતો જેને ઇસ્લામમાં રૂપાંતરિત કરવામાં આવ્યો હતો. 13મી અને 14મી સદીમાં મોંગોલ આક્રમણકારો દ્વારા તેની અસુરક્ષિત પૂર્વ અને દક્ષિણપૂર્વીય સરહદો ઓળંગી ગઈ હતી. કોસાક્સે 1668 માં આ પ્રદેશ પર હુમલો કર્યો હતો પરંતુ તેમને ભગાડવામાં આવ્યા હતા. 1723માં એક સંધિ દ્વારા તેને રશિયન સામ્રાજ્યને સોંપવામાં આવ્યું હતું , પરંતુ રશિયનો ક્યારેય તેમના કબજામાં સુરક્ષિત નહોતા.

### રૂ.૧.૩૦ કરોડની છેતરપિંડીમાં હાઈકોર્ટે આરોપીનાં જામીન મંજૂર કર્યાં

સુરતઃ ગેલેક્ષી ઈન્ફ્રાકોનની રૂ.૧.૩૦ કરોડની છેતરપિંડી કેસમાં ભાગીદાર પિન્કેશ પટેલના હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા હતા. આ કેસમાં ફરીયાદી રંજનબેન પ્રદિપકુમાર પટેલએ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ પિન્કેશભાઈ પટેલ તથા પ્રિયાંક પટેલ, સ્વ. કિશોર પટેલ, સ્વ. પ્રતિક પટેલ, હર્ષલ પટેલ, નૈમીલ દડાવાલા તથા હિતેશ પટેલ (ગેલેક્ષી ઈન્દ્રાકોન પેઢીના ભાગીદારો) વિરુદ્ધ પાલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આરોપીની જામીનઅરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરતાં આરોપીએ વકીલ મારફતે હાઈકોર્ટમાં જામીનઅરજી રજૂ કરી હતી. જેની સુનાવણી બાદ હાઈકોર્ટે આરોપી પિન્કેશ પટેલની જામીન અરજી મંજૂર કરી હતી.

### મહિલા ડોક્ટરના ફોન સ્નેચિંગમાં આરોપીને સાત વર્ષની સજા

સુરતઃ ઘોડદોડ રોડ આધારશિલા એપાર્ટમેન્ટમાં રહેતા ડો.દિપ્તીબેન તુષારભાઈ ચૌધરી તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના સમયે વોકિંગ કરવા નીકળ્યા હતા, ત્યારે પનાસ પજ્ઞાનગર આગળ સર્વિસ રોડ ઉપર મોબાઈલ ફોન પર વાતચીત કરતા હતા, તે સમયે મોપેડસવાર યુવક મોબાઈલ ફોન ઝૂંટવીને ભાગી ગયો હતો. પોલીસે સારોલીનાં આરોપી સૌરભ વિજયભાઈ મુંધરાની મોબાઈલ ફોન અને મોપેડ સાથે ધરપકડ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી નિતીન ચોડવડીયાએ રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી ને દોષિત ઠેરવી સાત વર્ષની સજા અને રૂપિયા એક હજારનો દંડ ફટકાર્યો હતો.

### ભેંસ ચરાવતી વેળા કાર અડફેટે મૃત્યુ પામેલા ભરવાડના પરિવારને 48 લાખનું વળતર

સુરતઃ છાપરાભાઠા-વરીયાવ રોડ પર કારની અડફેટે મૃત્યુ પામનારના પરિવારને રૂા.૪૮ લાખ ચૂકવવા કોર્ટે હુકમ કર્યો છે. સુરતમાં પશુપાલનનો વ્યવસાય કરતા લાલાભાઈ પુનાભાઈ ભરવાડ ગત ૬ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ વરીયાવ રોડ પર ભેંસો ચરાવી રહ્યા હતા, ત્યારે ઈકો કાર નં. જીજે ૮-બીબી-૫૦૪૦ના ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન લાલાભાઈનું મૃત્યુ થયું હતું. મૃતકના પત્ની મનુબેન સહિત પરિવારે વકીલ મારફતે વળતર મેળવવા દાવો કર્યો હતો. સુરત મોટર એક્સિડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલના જજ આર.એ. ત્રિવેદીએ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કારના ડ્રાઈવર, માલિક અને વીમા કંપનીને સંયુક્ત રીતે વાર્ષિક ૭.૫% વ્યાજ સાથે કુલ ૪૮ લાખ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# ત્રણ વર્ષથી ફરાર લૂંટેરી દુલ્હન નાસિકમાંથી ઝડપાઈ

**નાસિકના** બસ સ્ટેશન પર પતિને ઉઠા ભણાવી ફરાર થઈ ગઈ હતી

સુરતઃ ત્રણ વર્ષથી ફરાર 'લૂંટેરી દુલ્હન'ને આખરે ચોકબજાર પોલીસે નાસિક (મહારાષ્ટ્ર) ખાતેથી ઝડપી પાડી છે. અગાઉ તેના ત્રણ સાગરીતોની ધરપકડ થઈ ચૂકી છે.

ચોકબજાર પોલીસ સ્ટેશનમાં તા. 03/01/2023ના રોજ નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરીયાદી યુવકને લગ્ન કરવાની ઈચ્છા હોવાથી તેણે વચેટિયાઓ મારફત એક યુવતી સાથે મિટીંગ કરી હતી. યુવતી પસંદ આવતા ચારેય આરોપીઓએ સુરત ખાતે ફરીયાદીની બહેનના ઘરે હિંદુ વિધિ મુજબ લગ્ન કરાવ્યા હતા. લગ્નના ખર્ચ પેટે તેમણે કુલ 1,80,500 પડાવ્યા હતાં. દુલ્હન કવિતા ચાર-પાંચ દિવસ સુધી પતિ સાથે રહી હતી. ત્યારબાદ બંને નાસિક ગયા, જ્યાં બસ સ્ટેશન પર કવિતાએ "બહેનપણીના ઘરે કપડા બદલી આવીશ" કહી પતિને બેસાડી રાખ્યો અને પહેરામણીમાં મળેલા સાડી-કપડા તથા દાગીના (કિંમત અંદાજે રૂ. 34,500) સાથે ફરાર થઈ ગઈ હતી.આ રીતે ચારેય આરોપીઓએ પૂર્વનિયોજિત કાવતરું રચી લગ્નના બહાને કુલ રૂ. 1,80,500 પડાવી ફરીયાદી સાથે છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં નોંધાયું હતું.

અગાઉ ત્રણ આરોપીની ધરપક થઈ ચૂકી છે. જ્યારે કવિતા સુનિલ વાઘ ત્રણ વર્ષથી ફરાર હતી. આ કેસમાં પોલીસે કવિતાબેન સુનિલ વાઘ (રહે. તલેગાંવ, તા. ઈગતપુરી, જી. નાસિક, મહારાષ્ટ્ર) ને ઝડપી પાડી છે. પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડ્રગ્સ સાથે ઝડપાયેલા યુવકને 10 વર્ષની કેદ, 1 લાખનો દંડ

**ચાર** આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકાયા

સુરતઃ નિયોલ પોલીસ ચેક પોસ્ટ પાસેથી ડ્રગ્સ સાથે ધરપકડ કરાયેલાં આરોપી પ્રવિણ બિસ્નોઈને સ્પે. એનડીપીએસ કોર્ટે ૧૦ વર્ષની સજા અને એક લાખનો દંડ ફટકાર્યો છે. જ્યારે ચાર આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. તા. ૯-૧૧-૨૦૨૧ના રોજ રાજસ્થાનનો પ્રવિણકુમાર બલવંતારામ વાનાએ ડ્રગ્સનો જથ્થો વોન્ટેડ આરોપી આશુરામ રાયચંદ ખીલેરી (રાજસ્થાન) પાસેથી મેળવ્યો હતો. આરોપી જૈમીન છગનભાઈ સવાણી (રહે. કવિતા રો-હાઉસ સોસા. સરથાણા)ને આપવા આવતા કડોદરા- સુરત હાઈ-વે નિયોલ પોલીસ ચેક પોસ્ટ પાસેથી રૂ.૫,૮૫,૩૦૦ની કિમંતનાં ડ્રગ્સ, મોબાઈલ ફોન રોકડા મળી કુલ રૂ.૫,૯૬,૧૦૦નાં મુદ્દામાલ સાથે પુણા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આરોપી જૈમીન સવાણીએ નશો કરવા તથા વેચાણ કરવા અગાઉ પ્રવીણ વાના (બિશ્નોઈ) મારફતે આરોપી આશુરામ રાયચંદ ખીલેરી (બિસ્નોઇ) પાસેથી ડ્રગ્સનો માલ મંગાવ્યો હતો. તેમજ સસ્તામાં ડ્રગ્સ બનાવવા માટે આરોપી જૈમીને સહ આરોપી ઈમરાન અને ફૈઝલ સાથે મળી આરોપી ફૈઝલના ઘરે ડ્રગ્સ બનાવવા પ્રયત્ન કર્યો હતો. ફૈઝલે ડ્રગ્સ બનાવવા મંગાવેલા સાધન આરોપી જૈમીન સવાણીની ઓફીસમાં સાચવીને મુકયાં હતાં. જ્યાંથી પોલીસે ડ્રગ્સ બનાવવા વપરાતી સાધન સામગ્રી અને કેમિકલ કબ્જે કર્યા હતા.

આ કેસની તપાસ બાદ પોલીસે કોલ ડીટેલ પુરાવા, સાક્ષીઓ, સરકારી પંચો, સાયન્ટિફીક તથા અન્ય પુરાવાના આધારે પકડાયેલા આરોપીઓ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પે. એનડીપીએસ કોર્ટમાં ચાલતાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ જે એન પારડીવાલાએ દલીલો અને પુરાવા રજુ કર્યા હતા. બંને પક્ષની દલીલો બાદ સ્પે. એનડીપીએસ કોર્ટનાં જજ દેવેન્દ્ર જોષીએ આરોપી પ્રવિણકુમાર બલવંતરામ વાનાને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે જૈમીન સવાણી, ફૈઝલ પટેલ, ઈમરાન શેખ તથા આસુરામ રાયચંદને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# ઓપેરા ગ્રુપ, આગમ વાડેચાના કરોડોના બેનામી વ્યવહારો મળ્યા

**પાંચમા** દિવસે પણ સર્ચ ઓપરેશન જારી, સોમવારથી ડિમાન્ડ નોટિસની કવાયત

સુરતઃ બિલ્ડર લોબીમાં ભારે ચર્ચાનો વિષય બનેલા સુરત, અમદાવાદ, ભાવનગર અને નવસારીમાં હરીશ સંગાણીના ઓપેરા ગ્રુપ, ધોલેરામાં મીરખ ઈન્ફ્રાટેક, બ્રોકર આગમ વાડેચા અને વિશાલ રાવ સહિતના સાથે આવકવેરા વિભાગની DDI વિંગ દ્વારા હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન બાદ હવે તપાસ આખરી તબક્કામાં પ્રવેશી છે. આવકવેરા વિભાગે મહત્વનાં પાંચેક સ્થળે હજુ પણ તપાસ જારી રાખી છે, જ્યારે અન્ય સ્થળેથી મળેલાં બેનંબરી કાચાં વ્યવહારોની ડાયરી, પ્રોપર્ટી ડીલિંગ સંબંધિતનાં દસ્તાવેજો, ધોલેરામાં મીરખ ઈન્ફ્રાટેક દ્વારા કરવામાં આવેલા પ્લોટિંગ ખરીદ વેચાણનાં વ્યવહારો સહિતનાં દસ્તાવેજી પુરાવા નિવેદન સાથે પોટલાં બાંધી સીલ કરી કબ્જે લેવામાં આવ્યાં છે.

દસ્તાવેજો, કાચામાં થયેલા ધંધ સાથે સંકળાયેલા વ્યક્તિઓના નિવેદનો નોંધવા માટે નોટિસ ઈસ્યુ કરવાની તજવીજ સોમવારથી શરૂ કરવામાં આવશે, તેવું સુરત આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. દરોડા દરમિયાન મળેલા મોબાઈલ, લેપટોપ, હાર્ડડિસ્ક અને એકાઉન્ટિંગ સોફ્ટવેરમાંથી મળેલા ડેટાનું ડેટા એનાલિસિસ કરી દેવામાં આવ્યું છે. જેમાં અંદાજે કરોડોનાં નામી-બેનામી આવક મળી આવતાં ગત સાત વર્ષનાં રિટર્ન ખોલવામાં આવશે અને છેલ્લાં સાત વર્ષનાં હિસાબોનું ઓડિટ કરી રિપોર્ટ તૈયાર કરાશે.

# આ ધૂળેટીમાં 68.33 ટકા અકસ્માત વધવાનું અનુમાન

**રંગોના** ઉપયોગ, પાણીના બલૂન અને વાહનોની અવરજવરને કારણે અકસ્માતોનું પ્રમાણ વધે છે

**૧૦૮ના** તમામ સ્ટાફની અઠવાડિયાની રજા કેન્સલ કરી દેવામાં આવી

### સુરતના આ વિસ્તારો 'હોટસ્પોટ'

**વેસુ, પીપલોદ, ભટાર, ગોડાદરા, લિંબાયત, ડિંડોલી, પાંડેસરા, ઉધના, અઠવાલાઇન્સ, અડાજણ-પાલ**

સુરતઃ રંગોના તહેવાર હોળી અને ધૂળેટીના પર્વને લઈને સુરત શહેરમાં ઈમર્જન્સી સેવા ૧૦૮ની ટીમે વ્યાપક તૈયારીઓ શરૂ કરી દીધી છે. દર વર્ષે આ તહેવાર દરમિયાન અકસ્માતો અને તબીબી કટોકટીના કિસ્સાઓમાં વધારો જોવા મળતો હોવાથી, ૧૦૮ની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોને 'હોટસ્પોટ' તરીકે જાહેર કર્યા છે. આ વખતે પાછલા વર્ષોના આંકડાઓને ધ્યાનમાં રાખીને ટીમોને આ વિસ્તારોમાં વિશેષ તૈનાત કરવામાં આવશે, જેથી કોઈપણ કટોકટીમાં તાત્કાલિક મદદ પહોંચાડી શકાય.

૧૦૮ ની ટીમે દર વર્ષની જેમ આ વર્ષે પણ એક અનુમાન લગાવ્યું છે. ૧૦૮ માં સમાન્ય દિવસોમાં દિવસના ૪૪૧ જેટલા કેસો આવે છે, જે હોળી માં ૪૫૬ એટલે કે ૩.૪૦ ટકા વધારે અને ધૂળેટીમાં ૭૪૫ એટલે કે ૬૮.૩૩ ટકા જેટલા કેસો વધારે આવશે તેવું અનુમાન છે.

સુરત ૧૦૮ના પ્રોજેક્ટ મેનેજર અભિષેક ઠાકરના જણાવ્યા અનુસાર, હોળી અને ધૂળેટી દરમિયાન રંગોના ઉપયોગ, પાણીના બલૂન અને વાહનોની અવરજવરને કારણે અકસ્માતોનું પ્રમાણ વધે છે.

પાછલા વર્ષોના ડેટા પરથી જાણવા મળ્યું છે કે શહેરના અમુક વિસ્તારોમાં સૌથી વધુ કોલ્સ આવે છે. આને ધ્યાનમાં રાખીને, આ વખતે આ વિસ્તારોમાં એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફની વધારાની ટીમો તૈનાત રાખવામાં આવશે.

### રામપુરામાં જર્જરિત મકાનની દીવાલ ધરાશાયી



સુરતઃ આજે સાંજે રામપુરા સ્થિત મશાલચીવાડમાં મકાન નં-7-1978ની પહેલાં માળની દીવાલનો આગળનો હિસ્સો ધરાશાયી થઈ ગયો હતો, જેની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા ઘાચી શેરી ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ અંગે વધુ માહિતી આપતા ફાયર ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે, જે મકાનની દીવાલ પડી તેમાં આશરે સાતથી આઠ સભ્ય વસવાટ કરતા હતા. સદનસીબે દીવાલ બહારના ભાગે પડી હોવાથી અંદર રહેલા સભ્યો સુરક્ષિત રહ્યા હતા. સાવચેતીના ભાગરૂપે મિલકતને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવી છે

# રમઝાનમાં ઉમરાહ કરવા ગયેલા દ.ગુજરાતના યાત્રી ફસાયા

**દુબઇ** અને અબુધાબી ટૂર પર ગયેલા લોકો પણ અવઢવમાં

સુરત : અમેરિકા, ઇઝરાયલનું ઈરાન સાથે યુદ્ધ સંઘર્ષ શરૂ થતાં સઉદી અરેબિયા અને યુએઇમાં ઈરાને હુમલાઓ કરતાં ત્યાંની સરકારે એર સ્પેસ બંધ કરતાં જેદ્દાહ, રિયાધ, મદીના એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે. એવી જ રીતે યુએઈનું દુબઇ, શારજાહ અને અબુ ધાબી એરપોર્ટ બંધ થતાં સુરત અને દક્ષિણ ગુજરાતથી સઉદી અરેબિયામાં રમઝાનનો ઉમરાહ કરવા ગયેલા હજારો ગુજરાતી યાત્રીઓ અટકી પડ્યા છે. તેઓના રહેવા માટે હોટેલ અને ભોજનની જવાબદારી ટૂર ઓપરેટરો પર આવી પડી છે. ઘણા પ્રવાસીઓ 10 રોજા પછી જેદ્દાહથી મુંબઈ પરત આવવાના હતા. તેઓ આવતીકાલે રવિવારે મુંબઈ આવી શકશે કે કેમ એ અંગે ભારત સરકારે કોઈ સ્પષ્ટતા કરી નથી. અત્યારે કોઈ મોટી અસર અથવા તકલીફના અહેવાલ નથી. સાઉદી અધિકારીઓએ ક્રાઉડ મેનેજમેન્ટ, ટ્રાફિક કંટ્રોલ અને નવા સુરક્ષા નિયમો લાગુ કર્યા છે. યાત્રીઓ સામાન્ય રીતે ગ્રાન્ડ મસ્જિદ અને મક્કામાં પહોંચી રહ્યા છે. અમેરિકા-ઇઝરાયલ દ્વારા કોઈ વિશેષ અસર અથવા સ્ટ્રેન્ડેડ યાત્રીઓના અહેવાલ નથી. સ્થિર છે અને સાઉદી અધિકારીઓ સુરક્ષા વધારી રહ્યા છે. પ્રવાસીઓના જણાવ્યા પ્રમાણે સુરત સહિત દક્ષિણ ગુજરાતના કુલ 30 હજાર જેટલા પ્રવાસીઓ મક્કા શહેરમાં પહોંચ્યા છે.

એવીજ રીતે ઓફ સીઝનમાં સસ્તા પેકેજ ટૂરમાં સુરતથી દુબઇ અને શારજાહ ફલાઇટમાં દુબઇ અને અબુધાબીના પ્રવાસે ગયેલા સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક પ્રવાસીઓ ફસાયા છે. ટ્રાવેલ્સ એજન્ટ એસોસિએશન ઓફ પેન ઇન્ડિયાના અગ્રણી વિનસ શાહએ જણાવ્યું હતું કે, એર સ્પેસ બંધ થતાં પ્રવાસીઓ માટે સુરત પરત આવવું મુશ્કેલ બનશે. આવી સ્થિતિમાં ટૂર ઓપરેટર અને પ્રવાસીઓએ સમજીને સમય કાઢવો પડશે. યુએઈ સ્થિત ભારતીય એમ્બેસિએ ત્યાં સુવિધા ઊભી કરી છે. યુદ્ધ સંઘર્ષ રોકાશે તો ભારતીય પ્રવાસીઓને કાઢી લેવામાં આવશે.

### ભારત UAE વચ્ચેના આ વેપારને અસર થશે

ગ્લોબલ ફેબ્રિક રિસર્ચ એન્ડ રીસોર્સ સેન્ટર (GFRRC) ના ચેરમેન ગિરધરગોપાલ મુંડડાએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો પર આ યુદ્ધની પ્રાથમિક અસર ચોક્કસ પડશે. એરસ્પેસ બંધ થતાં નિકાસલક્ષી કાર્ગો સેવા પ્રભાવિત થઈ છે. દરિયાઇ માર્ગે થતાં નિકાસનો મામલો કાલે સ્પષ્ટ થશે. ઉદ્યોગકારો આ સ્થિતિ માટે તૈયાર હતા. બધાનું માનવું છે કે, 5/7 દિવસમાં મામલો ઉકેલાઇ જશે. યુદ્ધ લાંબુ નહીં ચાલે. ભારત-સાઉદી અરેબિયા વચ્ચે FY ૨૦૨૪/૨૫ માં કુલ વેપાર US$ ૪૧.૮૮ અબજ. ભારતના એક્સપોર્ટ US$ ૧૧.૭૬ અબજ, ઈમ્પોર્ટ US$ ૩૦.૧૨ અબજ રહ્યો છે. સાઉદી ભારતનો પાંચમો મોટો વેપારી ભાગીદાર છે. ભારત સાથે સોનું અને અન્ય કિંમતી ધાતુના આભૂષણ (ગોલ્ડ જ્વેલરી) સી ફૂડ, અન્ય ફૂડ આઈટમ્સમાં બાસમતી ચોખા, મસાલા, ફળ-શાકભાજી અને ફૂલોનો સમાવેશ થાય છે.

### ઉમરવાડામાં ગેરકાયદે કતલખાનું સીલ, એક ગાયને મુક્ત કરાવાઈ

સુરતઃ શહેરના આંજણા-ડુંભાલ વિસ્તારમાં ઉમરવાડા (વોર્ડ નં. 19)માં સ્થાનિક રહીશોની લાંબા સમયની ફરિયાદો બાદ શનિવારે મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે ચાલતા કતલખાનાને સીલ મારવાની કામગીરી કરવામાં આવી હતી. ગંદકી અને ધાર્મિક લાગણી દુભાતી હોવાની ફરિયાદો ઉઠતા, સ્થાનિક કોર્પોરેટર વિજય ચોમાલ અને નગરભાઈ પટેલે પોતે મોરચો સંભાળ્યો હતો અને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને સાથે રાખી કામગીરી પાર પાડી હતી. કતલખાનાના પરિસરમાંથી એક ગૌમાતા પણ મળી આવી હતી, જેને અત્યંત ખરાબ હાલતમાં બાંધી રાખવામાં આવી હતી. ટીમ દ્વારા તાત્કાલિક ગૌમાતાને મુક્ત કરાવી સુરક્ષિત રીતે ગૌશાળામાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# અડાજણ મેટ્રો સ્ટેશન પર શેડવર્કની કામગીરી શરૂ

**સ્ટેશન** ફિનિશિંગ, ટ્રેક ઇન્સ્ટોલેશનની પ્રક્રિયા પૂર્ણતાના આરે



સુરતઃ સુરત શહેરની જાહેર પરિવહન વ્યવસ્થામાં ક્રાંતિ લાવવા જઈ રહેલી મેટ્રો રેલ કામગીરી હવે ધીમે ધીમે આગળ વધી રહી છે. અડાજણ વિસ્તારમાં આવેલા પર્ફોમિંગ આર્ટ સેન્ટર (PAC) મેટ્રો સ્ટેશન ખાતે પ્લેટફોર્મના શેડ બનાવવાની કામગીરીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સ્ટેશનનું માળખું તૈયાર થયા બાદ હવે મુખ્ય એંગલ અને રૂફ શિટિંગ માટેના શેડવર્ક પર કામગીરી શરૂ થઈ ચૂકી છે. આ રૂટ પર સ્ટેશન ફિનિશિંગનું કામ પૂર્ણતાના આરે છે. આ સ્ટેશનની સાથે ટ્રેક ઈન્સ્ટોલેશનની પ્રક્રિયા પણ લગભગ પૂર્ણ થઈ ચૂકી છે. તાજેતરમાં જ સુરત મેટ્રોએ અંડરગ્રાઉન્ડ સેક્શનમાં ટનલિંગની જટિલ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક મોટું સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેના કારણે હવે ઉપર અને નીચે એમ બંને સ્તરે કામગીરીમાં ગતિ જોવા મળી રહી છે.

સુરત મેટ્રો પ્રોજેક્ટ કુલ 40 કિલોમીટરથી વધુ લાંબો છે અને તે મુખ્યત્વે બે કોરિડોર (રૂટ) માં વહેંચાયેલો છે. પ્રથમ રૂટ ડ્રીમ સિટીથી સરથાણા સુધીનો છે, જ્યારે બીજો રૂટ ભેસાણથી સરોલી સુધીનો છે. હાલમાં તંત્ર દ્વારા ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચેના રૂટ પર પ્રાથમિક ધોરણે ટ્રાયલ રન લેવાની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. આ રૂટ પર સિગ્નલિંગ અને પાવર સપ્લાયની ચકાસણી કર્યા બાદ ટૂંક સમયમાં મેટ્રો ટ્રેન દોડતી જોવા મળશે.

# 1,355 દિવસ બાદ સૂર્ય 'સ્પોટલેસ'

**સૂર્ય** પર 5 દિવસની શાંતિ બાદ નવા સનસ્પોટનું આગમન

ભુજઃ ખગોળ વિજ્ઞાનની દષ્ટિએ ફેબ્રુઆરી ૨૦૨૬નો આ અંતિમ સપ્તાહ અત્યંત મહત્ત્વનો સાબિત થયો છે. છેલ્લા પોણા ચાર વર્ષથી અવિરતપણે સક્રિય રહેલા સૂર્ય પર ૨૨ ફેબ્રુઆરીના રોજ એક પણ 'સનસ્પોટ' (સૂર્યકલંક) જોવા મળ્યું નહોતું. આ સાથે જ સૂર્ય પર સતત ૧,૩૫૫ દિવસ સુધી કલંકો દેખાવાની ઐતિહાસિક શ્રેણીનો અંત આવ્યો છે.

### નવું સનસ્પોટ AR3991 દેખાયું

'સ્ટારગેજીંગ ઈન્ડિયા'ના સ્થાપક અને ખગોળશાસ્ત્રી નરેન્દ્ર ગોર (સાગર)એ જણાવ્યું હતું કે, ૮ જૂન, ૨૦૨૨થી અત્યાર સુધી સૂર્ય પર દરરોજ કોઈને કોઈ સનસ્પોટ જોવા મળતા હતા. પરંતુ ૨૨ ફેબ્રુઆરીના રોજ નિરીક્ષણ કરતા જણાયું હતું કે સૂર્યની પૃથ્વી તરફની સપાટી સંપૂર્ણપણે સાફ હતી. છેલ્લું સક્રિય સનસ્પોટ (AR4374) સૂર્યના પોતાની ધરી પરના ભ્રમણને કારણે પૃથ્વીની નજરથી દૂર થતા આ સ્થિતિ સર્જાઈ હતી. ૨૨ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી સતત ૫ દિવસ સુધી સૂર્ય 'સ્પોટલેસ' રહ્યો હતો. જોકે, આજે ૨૭ ફેબ્રુઆરીના રોજ આ શાંતિનો અંત આવ્યો છે. એક નવું સક્રિય ક્ષેત્ર ઉભરી આવ્યું છે, AR3991 નામ આપવામાં આવ્યું છે.

### શું આ 'સોલર મિનિમમ'ના સંકેત છે?

સૂર્ય હવે તેની મહત્તમ સક્રિયતાના શિખર પરથી ધીમે ધીમે નીચે ઉતરી રહ્યો છે. આમ છતાં, AR3991 જેવા નવા સનસ્પોટ્સની હાજરી બતાવે છે કે સૂર્ય હજુ પણ સક્રિય છે.